





પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૦૪ | ૩ ઓક્ટોબર, ૨૦૧૮, બુધવાર; ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

**અયોધ્યામાં રામમંદિર જરૂર બનશે : ગિરીરાજસિંહ**

કેન્દ્રિય લઘુ ઉદ્યોગ રાજ્યમંત્રી ગિરીરાજસિંહે કહ્યું છે કે અયોધ્યામાં રામમંદિર જરૂર બનશે. હિન્દુ અને મુસ્લિમ બંને કોમના સભ્યો મળીને રામ મંદિર બનાવશે.

**કોલ્હાપુર મહાલક્ષ્મી મંદિરમાં ડ્રેસકોડ**

કોલ્હાપુરના મહાલક્ષ્મી મંદિરમાં ડ્રેસકોડ નક્કી કરવામાં આવ્યો છે. હવેથી મંદિરમાં ટુંકા કપડા પહેરીને પ્રવેશ કરી શકાશે નહી. મંદિરમાં કપડાં બદલવાની સગવડ કરવામાં આવી છે.

**રોહિંગ્યા શરણાર્થીઓને પાછા મોકલાશે**

અસમ સરકારે ગેરકાયદેસર રહેતા રોહિંગ્યા શરણાર્થીઓને પરત મોકલવાનો નિર્ણય કર્યો છે. બરાક ઘાટીના કછાર જિલ્લામાં સિલ્ચર સેન્ટ્રલ જેલમાં રહેનારા શરણાર્થીઓને ઓક્ટોબર માસના અંતે પરત મોકલી દેવાશે.

**વધુ સંપત્તિ માટે પાક.મંત્રી મુશ્કેલીમાં**

આવકથી વધુ સંપત્તિ મામલે પાકિસ્તાનની નવી સરકારે શરૂ કરેલુ આંદોલન વધુ તેજ બની રહ્યુ છે. પૂર્વ નાણાંમંત્રી ઈશાક ડારના બેંક ખાતાઓને જપ્ત કરવા અને તેની સંપત્તિઓને નિલામ કરવાની અનુમતી આપી દેવાઈ છે.

**ઓરિસ્સામાં વધુ ૪૪ કોંગ્રેસી ઉમેદવારો જાહેર**

ઓરિસ્સામાં આગામી વર્ષે યોજાનાર વિધાનસભા ચૂંટણી માટે પ્રદેશ કોંગ્રેસ કમીટીએ વધુ ૪૪ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ ઉમેદવારોના નામની ઘોષણા ટૂંક સમયમાં કરાશે.

# દિલ્હીમાં કિસાન રેલી હિંસક બની

**કેન્દ્રની ખાતરીને ખેડૂતોએ અસ્વીકાર કરી : જુદી જુદી માંગણીઓને લઇને દિલ્હી-યુપી સરહદે ખેડૂતો એકત્રિત : દિલ્હીમાં પ્રવેશ કરતા ખેડૂતોને રોકવા પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી ખેડૂતો ઉપર પાણીનો મારો ચલાવવા અને લાઠીચાર્જ કરવા માટે ફરજ પડી**



નવીદિલ્હી, તા. ૨

કિસાન ક્રાંતિ યાત્રામાં દિલ્હીની સરહદ નજીક ખેડૂતોના આંદોલને ઉગ્ર સ્વરુપ ધારણ કરી લેતા અફડાતફડી મચી ગઈ હતી. ખેડૂત રેલી રક્તરંજિત બની હતી. ખેડૂત આંદોલનને રોકવા માટે કેન્દ્ર અને ઉત્તરપ્રદેશ સરકારના પ્રયાસ પણ બિનઅસરકારક રહ્યા હતા. જો કે, સરકાર તરફથી કેટલીક ખાતરી આપવામાં આવી હતી પરંતુ નારાજ ખેડૂતોએ ફગાવી દીધી હતી. કેન્દ્ર સરકારની ખાતરીને સ્વીકારવા ખેડૂતોએ ઈન્કાર કર્યો હતો અને દેખાવ જારી રાખવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય કિસાન યુનિયનના પ્રમુખ નરેશ ટિકેટે કહ્યું હતું કે, ખેડૂતો સરકારની ખાતરી સ્વીકારશે નહીં અને દેખાવ જારી રાખશે. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા યુદ્ધવીરસિંહે કહ્યું હતું કે, ૧૧ મુદ્દા ઉપર ચર્ચા થઈ છે. સરકારે સાત માંગ સ્વીકારી લીધી છે. જો કે, ચાર મુદ્દા ઉપર સરકારે કહ્યું છે કે, તે વધુ બેઠકો યોજશે. દિલ્હી-યુપી સરહદ ઉપર ખેડૂતો સાથે વાતચીત થઈ હતી જેમાં કેન્દ્ર સરકારે તેમની માંગ ઉપર વિચારણા કરવાની ખાતરી આપી હતી પરંતુ ખેડૂતો દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે, તેમનું

● અનુસંધાન પાન-૭ પર

### ખેડૂતોની માંગણી શું છે...

- ૬૦ વર્ષની વય બાદ પેન્શન આપવાની માંગ
- પીએમ ફસલ વિમા યોજનામાં ફેરફાર કરવાની માંગ
- શેરડીની કિંમતો ઉપર વહેલી ચુકવણીની માંગ
- દેવા માફીની પણ જોરદાર માંગણી
- સિંચાઈ માટે મફત વિજળી આપવાની માંગ
- કિસાન ક્રેડિટ કાર્ડ પર વ્યાજમુક્ત લોનની માંગ
- તમામ પાકની પૂર્ણરીતે ખરીદીની માંગ
- કિસાન સ્વામીનાથન કમિટિની રિપોર્ટને લાગૂ કરવાની માંગ
- શેરડીની કિંમતમાં ચુકવણીમાં વિલંબ મુદ્દે વ્યાજ આપવાની માંગ

## રાજસ્થાનમાં સત્તા જાળવવા માટે અમિત શાહે ટીમ બદલી

**શાહ માઇક્રો મેનેજમેન્ટમાં વ્યસ્ત થયા : ટિકિટ ફાળવણી પહેલા ગ્રાઉન્ડ રીપોર્ટ માટે છ નેતાઓની કરાયેલી પસંદગી**

જયપુર,તા. ૨

રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે ભાજપ પ્રમુખ અમિત શાહ ચૂંટણી મંથનમાં લાગી ગયા છે. શાહ પાર્ટીને જીત અપાવવા માટે માઈક્રો મેનેજમેન્ટમાં લાગી ગયા છે. ટિકિટ ફાળવણી પહેલા તેઓએ સમગ્ર પ્રદેશથી ગ્રાઉન્ડ રિપોર્ટ એકત્રિત કરવા માટે ચન્દ્રશેખર, વી સતીશ, અવિનાશ રાય ખન્ના,અર્જુન રામ મેઘવાલ, ગજેન્દ્ર સિંહ શેખાવત અને સતીશ પુણિયા જેવા છ નેતાઓની પસંદગી કરી લીધી છે. પાર્ટીએ સંઘની

● અનુસંધાન પાન-૭ પર

# IL&FSના ચાર ડિરેક્ટર સામે લુકઆઉટ નોટિસ

**કંપની પર કબજો કર્યા બાદ હવે લુકઆઉટ નોટિસ જારી કરાઈ : કંપની વ્યાજની રકમ ન ચુકવી શકે તેવી મુશ્કેલ સ્થિતિમાં મુકાઈ તેને લઇને હજુ આર્થિક નિષ્ણાતોમાં ચર્ચા : નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ સમક્ષ રજૂઆત**

નવીદિલ્હી, તા. ૨

નાણાંકીય કટોકટીનો સામનો કરી રહેલી મહાકાય કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિઝિંગ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસના ચાર ડિરેક્ટરો માટે સરકારે લૂકઆઉટ નોટિસ જારી કરી દીધી છે. નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજીમાં સરકારે દાવા સાથે કહ્યું છે કે, તેના ચાર ડિરેક્ટરો રવિ પાર્થસારથી, હરિશંકરન, રમેશ બાવા અને કે રામચંદ દેશની બહાર ફરાર થઈ શકે છે. આ સંદર્ભમાં ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. રાતોરાત દેશ ફરાર ન થાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે. વિમાની મથકમાં તેમના માટે લુકઆઉટ નોટિસ જારી કરીને કંપનીના આ ચારેય ડિરેક્ટરો સામે સકંજો જમાવ્યો છે. જુલાઈ

૨૦૧૮માં નિવૃત્ત થયેલા રવિ પાર્થસારથી મુખ્ય જવાબદારી સંભાળી રહ્યા હતા. વાઈસ ચેરમેન હરિશંકરન, પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર રમેશ બાવા અને ડિરેક્ટર રામચંદ સામે નોટિસ જારી કરવામાં આવી છે. સરકારનું કહેવું છે કે, આ ડિરેક્ટરો ફરાર થઈ શકે છે જેથી સરકાર વ્યક્તિગતો માટે લૂકઆઉટ નોટિસ જારી કરી રહી છે. પાર્થસારથી સારવારના હેતુસર લંડનમાં છે જ્યારે અન્ય ડિરેક્ટરો તપાસ પુરી ન થાય ત્યાં સુધી દેશ છોડી શકશે નહીં. સરકાર હાલમાં જુદા જુદા પગલા લઈ રહી છે. સ્થિતિ બદલાઈ રહી છે ત્યારે સરકાર આના પર કબજો જમાવી ચુકી છે પરંતુ આ ગંભીર સંકટને લઈને મુખ્ય કારણ સપાટી ઉપર આવ્યું નથી.



શત્ શત્ નમન - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં ગાંધી વંદનાના કાર્યક્રમો યોજાયા હતા... દિલ્હી રાજઘાટ ખાતે પણ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાહુલ ગાંધીએ પુષ્પાંજલી અર્પી પુજ્ય બાપુને નમન કર્યા હતા... મોહનમાંથી મહાત્મા બનનાર ગુજરાતના સપૂતને દેશ-વિદેશમાં ભાવભીની અંજલિ અપાઈ હતી...

## દેશના જાણીતા પ્રોફેશનલ્સ હવે રાજનીતિમાં જોડાઈ રહ્યા છે

**પ્રશાંત કિશોર, અમિત માલવિય રાજનીતિમાં સક્રિય બન્યા : પ્રશાંત કિશોર ભાજપ સહિત ઘણી પાર્ટીઓને મદદ કર્યા બાદ હવે નીતિશ કુમારની પાર્ટીમાં સામેલ થઇ ચુક્યા છે**



નવી દિલ્હી,તા. ૨

ચૂંટણી નજીક આવતાની સાથે જ જુદા જુદા ક્ષેત્રોના કુશળ લોકો હવે રાજનીતિની મુખ્ય ધારામાં પ્રવેશ કરવા માટે તૈયારી કરી રહ્યા છે. કેટલાક પ્રોફેશનલો તો સત્તાવાર રીતે જુદી જુદી પાર્ટીમાં પહેલાથી જ સામેલ થઈ ચુક્યા છે. કેટલાક સામેલ થવાની તૈયારીમાં છે. પ્રશાંત કિશોર અને અમિત માલવિય જેવા પહેલાથી જ સક્રિય લોકોની સાથે હવે પ્રવીણ ચક્રવર્તિ, શાશ્વત ગૌતમ, ગૌરવ વલ્લભ અને દેવાશીશ જરારિયા જેવા કેટલાક મોટા નામ છે જે સીધી રીતે કોઈ પાર્ટીમાં સામેલ થઈ ગયા છે. નાની મોટી પાર્ટીઓ પોતાની સ્થિતીને મજબુત કરવા માટે આ પ્રકારના પ્રોફેશનલોની મદદ લઈ રહી છે. પોતાના સોશિયલ મિડિયાને વધુ મજબુત કરવા માટે પ્રોફેશનલોનો ઉપયોગ કરી રહી છે. આ યુવાનોની પહેલા પણ સોશિયલ મિડિયાની મજબુતી માટે મદદ રાજકીય પાર્ટીઓ લેતી રહી છે. પરંતુ હવે કેટલાક પ્રોફેશનલો તો ચૂંટણી લડવા અને પૂર્ણકાલિન રાજનીતિ કરવા માટે તૈયાર થઈ ગયા છે. સોશિયલ મિડિયામાં ચૂંટણી પ્રચારનુ મહત્વ સૌથી પહેલા સમજનાર પ્રશાંત કિશોરે પહેલા પ્રોફેશનલ તરીકે પોતાની એજન્સીના માધ્યમથી ભાજપ, કોંગ્રેસ સમાજવાદી પાર્ટી અને જેડીયુને મદદ કરી ચુક્યા છે. હવે તેઓ નીતિશ કુમારની પાર્ટી જેડીયુમાં સામેલ થઈ ગયા છે.

## સારવાર દરમિયાન વધુ બે સિંહોના મોત : મૃતાંક ૨૩

**સિંહોના ટપોટપ મોતથી ચિંતાનું મોજુ ફેલાયું : સિંહોની કાળજી માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે : નિષ્ણાતો સક્રિય : સિંહોમાં વાયરસના લક્ષણો**



અમદાવાદ, તા.૨

ગીર અભ્યારણમાં સિંહોના મોતનો સિલસિલો જારી રહ્યો છે. સારવાર દરમિયાન વધુ બે સિંહના મોત થતાં મોતનો આંકડો ઝડપથી વધીને હવે ૨૩ ઉપર પહોંચ્યો છે. ૨૦ દિવસના ગાળામાં જ ૨૩ સિંહના મોતથી સરકાર હચમચી ઉઠી છે. તપાસ દરમિયાન વાયરસથી સિંહના મોત થયા હોવાના અહેવાલને સમર્થન મળ્યું છે. બીજી બાજુ સિંહોના મોતના મુદ્દે જોરદાર રાજનીતિ શરૂ થઈ ગઈ છે. એકબાજુ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, સરકાર સિંહોના મોતના સાચા આંકડા આપી રહી નથી. ભારે લાપરવાહી સરકાર દર્શાવી રહી છે. બીજી બાજુ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું છે કે, ગીર રેંજમાં તમામ સિંહની કાળજી લેવા માટે બનતા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. પુણે અને અન્યત્ર જગ્યાઓથી નિષ્ણાતોની ટીમ બોલાવવામાં આવી છે. સિંહની ચકાસણી કરવામાં આવી રહી છે. અમેરિકાથી વેક્સિન પણ મંગાવવામાં આવી છે. સારવાર હેઠળ રહેલા સિંહની ચકાસણી કરવામાં આવી રહી છે. વાયરસના લીધે સિંહના મોત થયા હોવાની બાબત સપાટી ઉપર આવી ચુકી છે. ૩૧ સિંહ સ્વસ્થ હાલતમાં મળ્યા છે. બિમાર રહેલા સિંહને શોધી કાઢવા માટે પણ તપાસ ચાલી રહી છે. ગીર વન્ય વિસ્તારમાં પ્રથમ વખત સિંહના મોતની ઘટના બાદ ૨૬ સિંહને બચાવવાના ઉદ્દેશ્યથી ગીર પૂર્વથી પશ્ચિમમાં એક સ્થળે મોકલી દેવાયા છે.

## મહારાષ્ટ્ર સરકારે ગાંધીજયંતિના દિવસે ૧૦૨ કેદીઓને મુક્ત કર્યા

મુંબઈ,તા.૨

દેશભરમાં આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૯મી જન્મજયંતી ઉજવવામાં આવી રહી છે તે પ્રસંગે મહારાષ્ટ્ર સરકારે ૧૦૨ કેદીઓની સજા માફ કરી દીધી છે. આમાં, મુંબઈના ૧૪ કેદીઓનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકારે અગાઉ રાજ્ય સરકારને એવો પ્રસ્તાવ મોકલ્યો હતો કે જેમનો ગુનો ગંભીર પ્રકારનો ન હોય એવા કેદીઓ તેમજ જે કેદીઓએ કુલ સજાનો ૬૬ ટકા ભાગ પૂરો કરી લીધો હોય એમને છોડી મૂકવા કેન્દ્ર સરકારે

● અનુસંધાન પાન-૭ પર








